**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૨૪/૬/૨૦૧૪ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૨૩/૧૪</u>**

**<u>ક્રાઇમબ્રાન્ચ :-</u>**

આગામી રથયાત્રા અનુસંધાને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે સારુ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા અસામાજીક તત્વો તથા રીઢા ગુનેગારે ને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરવા સારુ ક્રાઇમબ્રાન્ચના ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓએ આપેલ સુચના અનુસંધાને પો.સ.ઇ.શ્રી એચ.પી.કરેણ સ્ટાફના માણસો દ્વવારા આસ્ટોડીયા ઢાળની પોળના નાકે માણેકચોક તરફ જવાના રસ્તા પાસે પો.કો. દિગ્વિજયસિંહની બાતમી આધારે બે ચેઇન સ્નેચરો (૧) વિનોદભાઇ ઉર્ફે રાજ ઉર્ફે ભવયો વાલજીભાઇ ઇશ્વરભાઇ પંચાલ ઉવ.૨૮ રહેવાસીઃ મકાન નં.૩૭, કુષ્ણધામ ઔડાના મકાનમાં, વેજલપુર, અમદાવાદ શહેર તથા (૨) સાગર મનસુખભાઇ ચુડાસમા ઉવ.૨૨ રહેવાસીઃ બ્લોક નં.૧૬ મકાન નં.૪૮૪ તનમન ચાર રસ્તાની સામે સત્યમ આવાસ વસ્ત્રાલ અમદાવાદ ના બંન્ને જણાને ઝડપી લઇ તેઓની પાસેથી સોનાની ચેઇનો નંગ- ૩ કુલ કિં.રુ.૮૬,૦૦૦/ ના આશરાનો મુદ્દામાલ કબજે કરી આરોપીઓને અટક કરી તપાસ હાથ ધરતા પકડાયેલ બંન્ને આરોપીઓએ આ ત્રણ ચેઇનો વેજલપુર તથા આનંદનગર વિસ્તારમાંથી રસ્તે જતી ઉમરલાયક મહીલાઓના ગળામાંથી સોનાના દોરા તોડેલ હોવાની કબુલાત કરેલ છે.સદરી બંને આરોપીઓ અગાઉ મારામારીના ગુનામાં આનંદનગર પોલીસ સ્ટેશનમાં પકડાયેલ છે.આરોપીઓની વધુ પુછપરછ જારી છે.આરોપી પાસેથી મળેલ મુદામાલ સબંધે આંનદનગર તથા વેજલપુર પોલીસ સ્ટેશન ત્રણ ગુનાઓનો ભેદ ઉકેલી કાઢેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.